Volume-1
Issue-9
September-2016

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# પ્લેટફોર્મ નંબર ચાર : ખૂણાના અંધારાને અજવાળતી ચિંતનાત્મક સ્મૃતિકથા

**જગદીશ એમ.ભોયા**

*સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, વાંસદા, જિ. નવસારી*

ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તા, નવલકથા , સ્મરણકથા, સંપાદન વગેરે સ્વરૂપોમાં મહત્ત્વનું યોગદાન આપનાર લેખિકા હિમાંશી શેલતનું આગવું સ્થાન છે. વાસ્તવિક પરિસ્થિતિમાં નિ:સહાયપણે જીવતી વસતિઓની યાતનાનો પાર નથી.એ સુક્ષ્મ પહેલુંને પકડીને 'એ લોકો' વાર્તાસંગ્રહ આપે છે. 'અંતરાલ' તથા 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'માં નારીકેન્દ્રી વાર્તા સમભાવથી અને વિસ્તાર કર્યા વગર થોડાંક સંકેતો દ્વારા ભાવસંવેદનો કુશળતાથી આલેખે છે. તો ખોવાયેલાં બાળપણને શોધીને અને તેના અસલ દાવેદારના હાથમાં સોંપવા મથતા સંવેદનશીલ ,સજગ અને સંઘર્ષરત એવા નાનકડા સમુદાયની દુનિયા નિરૂપતી 'સપ્તધારા' નવલકથા આપે છે જ્યારે 'પ્લેટ ફોર્મનંબર ચાર' સ્મરણકથામાં તકવિહોણાં, અભાવગ્રસ્ત બાળકો માટે સામાન્ય જ્ઞાનલક્ષી અને આનંદલક્ષી સમાજસેવાની પ્રવૃત્તિઓ કરતાં કરતાં જેવાં અનુભવો થયા તેનાં રસિક વર્ણનો આપે છે.

સુરત રેલવે સ્ટેશન નજીક આંબેડકર નગર , ઇન્દિરા નગર જેવી વસાહતના રખડતાં; અભાવોમાં ચીંથરેહાલ બાળકો, ઉજળા ભાવિના કોઇ એંધાણ નથી છતાં નાની નાનીઓ નગણ્ય ઇચ્છાઓને મુઠ્ઠીમાં સાચવીને રાખે અને મન થાય ત્યારે ફૂંક મારીને ઉડાડી જાણે એવા બાળકોની આ '"નવી દુનિયામાં પગ મૂકવાનું સાહસ, સાવ નવા કામનો રોમાંચ અને સહુથી વિશેષ તો એ નિમિત્તે આ છોકરાંઓની નજીક આવી એમના સુખદુખ વહેંચવાની ઝંખના'" પૃ.૪થી પ્લેટફોર્મ નંબર ચાર ઉપર આદરેલ તાલીમ કાર્ય કરતાં-કરતાં સ્મૃતિપટ પર અવિસ્મરણીય પ્રસંગો અંકાયા તેના ચિત્તસંવેદનો; અભાવગ્રસ્ત બાળકોના વ્યક્તિત્વ ઘડતરની દિશાઓ ખોલી બાળકોને ઉજાશ તરફ લાવવાનું આશાકિરણ પ્રગટ કરતું પુસ્તક 'પ્લેટફોર્મ નંબર ચાર' (પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય) છે.

'પ્લેટફોર્મ નંબર ચાર'ના શરૂઆતમાં ઓછપની દુનિયામાં ઉછરી રહેલા, સમાજમાં ઉપેક્ષા પામેલા બાળકો છોટુ,રફીક,ભોલી,ટેટવો,ગણપત,બૈજુ,કાલુ, રૂખસાના જેવા બાળકો ઉપેક્ષા પામેલા છે.

'આ વાંદરાઓને તો પેધાં પાડવા જેવા જ નથી, ન્યૂસન્સ છે સ્ટેશન પરનું' પૃ.૩૦

'દેખાય ટેણકા પણ એવાં તો જબરાં છે કે આપણે તો એમની સામે....' પૃ.૯

'બધાં ચોર છે એક એકથી ચડે એવાં. અને નફ્ફટ તો કેવાં બાપ! અક્કેકી ગાળ એવી બોલે કે કાનના કીડા ખરી પડે.' પૃ.૯ જેવાં કટુવચનોના વાતાવરણમાં જીવતા બાળકોની સૃષ્ટિના સુમધુર વર્ણનો છે.

આ બાળકો નિશાળે જતાં નથી તેના સંજોગો છે. આ સંજોગોએ બાળકોના મનમાં કેવા વિચારો દ્રઢ થાય છે તે ખૂબ જ રસપ્રદ છે.છોટુને ભણવામાં જરા પણ મજા નથી. ઉલટાનું મોં બગાડતો "ઉધનામાં એ રહે ત્યાં સામેના ચાર માળના મકાનમાંથી રડતાં-કકળતાં છોકરાં રોજ સવારે બહાર નીકળે. એમના માઇબાપ એમને ડરાવી, ધમકાવી, લલચાવી, રિક્ષામાં ધકેલે,કોઇ કોઇ તો એટલી ચીસો પડે અને હાથ હાથ લંબાવી લંબાવી રડે, 'જૈસે ગલા કાટ દીયા!' × × × ગાડીવાલા સેઠ એમના છોકરાને ફટકાવે છે, લેશન ન કરે તો પણ , ટ્યૂશને ન જાય તો પણ, ઓછા માર્ક આવે તો પણ, વધારે વખત બહાર રમે તો પણ. 'ઐસા ભી ક્યા પઢને કા ? નહીં બનના સાલા હમે કુછ ભી...' પૃ.૪ ગણપતને 'કૉલેજ જવું હતું, મોટાભાઇ સાથે રહેતો હતો. ભાઇએ લગ્ન કર્યા. ભાભી ઝગડા કરે ને ભાઇ એને કંઇ કહે જ નહિ. છોડી દીધું ઘર' પૃ.૨૨ કેટલાયે બાળકોના માતા-પિતાની રહેણી કરણી જાણે કે એવો એક સામાજિક ઢાંચો છે જેમાં બાળકોના ભણતરની- જીવનને પરિવર્તનની ઝંખના તો ક્યાંથી પ્રગટે ? અક્ષર જ્ઞાનથી વંચિત, પરચુરણ કામથી ગુજરાન ચલાવતો એવો ભોળો અને મઝાનો માધુભાઇને ખોટ લાગી નથી. 'આટલા દા,ડા ની ભઇણો તો હું આભ તૂટી પઇડું ? ચાલતું જ છે બધ્ધું આરામથી, તીમાં નક્કામી ભેજામારી હેના હારું ? પૃ.૪૬ એમના માટે અક્ષર જ્ઞાન નિષ્કારણ ઉપાધિ સમાન છે. બાળકો પોતાની જીદ પૂરી કરવા ખુલ્લા મને રડી શક્યા ન હોય, મોકળાશથી બાળપણ વિતાવ્યું ન હોય; ત્યારે ભણતર પ્રત્યેના આવા વલણો વ્યાજબી લેખાય છે.

એકલવાયા અને અસુરક્ષિત બાળકોની દુનિયા સાથેના લાગણીનો તંતુ આ વિસ્તારની સ્ત્રીઓ સાથે પણ વીંટળાય છે.આ વિસ્તારની સ્ત્રી જુવાન છતાં ભુખરા જીવતરમાં કામ કરી કરીને થાકેલી કંટાળેલી લાગતી.આ સ્ત્રીઓને પોતાની જ દશાની દિશા

© RRIJM 2015, All Rights Reserved

નથી. 'રેવાકા આદમી ઉસે મારતા હૈ કભી કભી..' × × × ×

'આવી વસતિમાં લગભગ દરેક સ્ત્રીને અમે અડધૂત થતી જોતાં આવ્યાં છીએ. જે સામી થઇ શકે એવી છે એ કપડાં બાંધી ચાલવા માંડે છે.ચિક્કાર પીતા અને બેફામ વર્તતા આદમીના બોજ ક્યાં સુધી વેંઢારે? અને તો યે એક હકીકતની બેહદ નવાઇ લાગે કે આવી ત્રસ્ત સ્ત્રીઓ પણ એમની દીકરીઓ બારતેર વર્ષની થાય એટલે ઠેકાણે પાડવા અધીરી બની જાય. છોકરીઓ કંઇ કામ શીખે,પગભર થાય , થોડું ભણે એમાં કોઇને જણે રસ જ નહિ ! પોતે જેમાં રૂંધાઇ મરી છે એ જ સામાજિક ઢાંચામાં છોકરીને બેસાડી દેવા બધી આતુર . એમાં ભાગ્યે જ અપવાદ મળે.' પૃ.૪૫ આવી વસાહતમાં લેખિકા પોતે શું કરી શકવાની ? વેદના સતાવે છે. આવી જ વેદના પોતે 'રેડ- વિસ્તારમાં જતી ત્યારે થતી. દીવાસળીના પેટી જેવડી ઓરડીમાં કેટલી બધી સ્ત્રીઓ 'ઉંબરા પર ને ઓટલા પર , પગથિયાં પર દાદર પાસે બેઠેલાં થાકી ગયેલાં શરીર , સતત વાટ જોતી હોય એવી વિષાદઘેરી આંખો' પૃ.૫૫-૫૬ આવી સ્ત્રી પ્રત્યે ભીની ભીની લાગણી પ્રગટે. આ સ્ત્રીઓ નિર્ભ્રાંત હતી. માનવ સંબંધોની પોકળતા, બેવડા ધોરણો, માણસની વેપારવૃત્તિ, સ્વાર્થ, પુરુષની નબળાઇઓ અને બોદો અહંકાર, આ બધું પી-પચાવીને બેઠેલી આ સ્ત્રીઓમાં કશુંક જલદ હતું. પૃ.૬૦જે કયારેય બિચારાં બાપડા લાગતા નથી છતાં અહીંની સ્ત્રીઓ બદ્તર જીવન ગુજારતી નજરે ચડે છે. કોઇ પણ વ્યક્તિ સામે ચાલીને તેમની મદદે જતો નથી. ઉપેક્ષિત સમાજ પોતાની શક્તિ પ્રમાણે આપમેળે કામ શોધી કાઢે છે, એમની પ્રામાણિકતાનું યોગ્ય વળતર ચૂકવવું જોઇએ. શોષણખોરો શોષણ કરવા જરા પણ અચકાતાં નથી.એમના તરફ સહાનુભૂતિ સ્પર્શાવવાને બદલે સૌ ઉપેક્ષિત અને તિરસ્કારભરી નજરે જુએ છે. માનવીય વલણ દાખવતાં નથી; એના પર રોષ પ્રગટ થાય છે.

તક વિહોણાં અને અભાવમાં જીવતાં બાળકો સાથે સમાજોપયોગી અને લોક હિતાર્થે- મહિમાગાન જેવી પ્રવૃત્તિ કરતાં કરતાં ઘણીબધી કુરૂપતાનો સામનો કરવો પડે છે.

'દેખાય ટેણકા જેવા પણ જબરાં છે, એમને આ સુધારવા નીકળ્યાં' પૃ.૯

'મોટાઇમાં મારવા આવાં તો આવ્યા કરે જાતજાતનાં. અમે તો બધ્ધાંના લખ્ખણ જાણીએ' પૃ.૧૦ વગેરે મ્હેણાટોણા ઉપરાંત 'કેવા મુર્ખ માણસો આ દુનિયામાં હજી જીવે છે તે બધાને સાચવવાનો ઠેકો લઇ ભમે છે! ભલે ને લેતા જેટલો ભાર માથે લેવો હોય તેટલાનો આપણે શું' પૃ.૫૫ એવા નફ્ફટાઇ લોકોને જોઇ જતા, સારી પ્રવૃત્તિઓ કરતાં કરતાં જે વિઘ્નો આવતા એમાંથી લેખિકાનું હ્રદય વિષાદથી ભરાઇ જતું. 'પ્લેટફોર્મનંબર ચાર'માં ચિંતનાત્મક રૂપે ભારોભાર વ્યથાના દર્શન થાય છે. પોતાના કાર્યમાં- આધુનિક વાર્તાકારની શૈલીએ વાર્તા કહેનાર , કમ્મરમાં વાંસળી ખોસી હોય એવી છટાથી ઝાડુંને બાંધનાર ટેણિયા, બૂટપોલીસના કાર્યમાં ચીવટતા, નાના નાના અગણ્ય સ્વપનાઓ જોનાર , ભણતરની ભૂખ છતાં શિક્ષણથી વંચિત ,સર્જનાત્મકતા-કલાત્મકતાના રસિકો, માતા-પિતાએ જન્મ આપ્યો છે પરંતું હૂંફ નસીબમાં નથી. ચા અને વાસી બ્રેડ ખાતા પણ ચહેરા ઉપર બાદશાહી ખાણું ખાતાંની સંતૃપ્તિવાળા બાળકોની દુનિયા પ્રત્યે સહાનુભૂતિ ન દાખવનાર અને સંગ્રહખોરો પ્રત્યે કટાક્ષ કરતાં કહે છે: 'એમના જીવનની અનિશ્ચિતતા જોતાં આ સંતોષ અને ઉલ્લાસ જાળવી રાખવાનું કામ જેવું તેવું ઓછું છે ? વધારે ને વધારે એકઠું કરી કરી એક ને બદલે વીસ ભવ ચાલે તેટલો સંઘરો કરવા મરણિયા બનેલી એક ભુખાળવી ભીડ સામે આ બાળ મંડળી જવાબ ન જડે એવા સવાલો ખડકી આપે છે.' પૃ.૮૨ વધુમાં નોધારા બાળકો વિશે કહે છે: 'એમની કોમળ લાગણીઓને સંકોરતા,પોષતાં ન આવડે તો વેગળા રહીએ, પણ હાલતાં ને ચાલતાં એમને અપમાનિત કરી, એમની પારિવારિક દશાને ખુલ્લી પાડી એમને લજ્જિત બનાવવાનો આપણને કશો જ અધિકાર નથી.' પૃ.૧૦૦ બેફિકરા પિતા પોતાના છોકરાને ફટકારે છે ત્યારે આશ્ચર્ય થાય છે. 'બાપા એને શું જોઇને મારતા હશે ? જાતનાં તો ઠેકાણા નથી, કોઇ સારીએ આદત પાડી નથી, ઘર આખાને બળતામાં ધકેલી દીધું છે અને ઉપરથી છોકરાને ફટકારવાની એની હિંમત છે !' પૃ.૮૬ રેડ-લાઇટ વિસ્તારની સ્ત્રીઓએ માતૃત્વ ધારણ કર્યું છે, તેવી સ્ત્રીઓના ચહેરા પર માતૃત્વ સાથે માંગલ્ય જોવા મળે છે; સ્નેહના ઉમળકાના પવિત્ર દર્શન થાય છે. હંસાબાઇની ઓળખાણથી લેખિકા કહે છે: 'ઓછામાં ઓછી અપેક્ષાએ જોડાયેલી આ જીવ પ્રેમના અઢી અક્ષરને બરાબર ઓળખે છે. માનવ-સંબંધની આવી સંકુલતાનું અચરજ કદી શમવાનું નથી.' પૃ.૬૫ ઉપરાંત સ્ત્રીઓના અસ્તિત્ત્વના જતનની ચિંતા ફક્ત વિચારકો કે સાધકોની જ નથી પ્રત્યેકની જવાબદારી બને છે. આ સંદર્ભની ચિંતા સ્પષ્ટ છે 'કેટલી બધી સ્ત્રીઓ અહીં સામે જ મરવા વાંકે જીવતી હતી. જીવન સુંદર છે અને ભવ્ય છે, જીવનમાં એક અદ્-ભુત લય છે, પરમાત્મની લીલામાં આપણે તો બસ એની ઇચ્છામાં ઇચ્છા ભેળવી દેવાની ઇત્યાદિ પ્રકાશ રેખાઓ આવે એવી ઘડીઓ મારાથી જોઇ શકાતી નથી, મારીએ જ મર્યાદા,શું થાય ? માનવ સમુદાયનો આવડો મોટો ભાગ છેક જ લાચાર, પંગુ દશામાં જીવે છે. એમના અસ્તિત્વનું યે કોઇ મૂલ્ય નહિ, તો પરમને પામવાનું માત્ર ચિંતકો, વિચારકો, સાધકોને ભાગે જ હશે ને? પૃ.૮૭ અહીં અભાવના વાતાવરણ નું કે ગરીબીનું સંકીર્તન પ્રગટ કરવાનો ઉદ્દેશ નથી;પરંતુ એમના પ્રત્યે સંવેદનાને સંકોરવાની છે.

અત્યંત કદરૂપી દેખાતી દુનિયાને થોડી સહ્ય બનાવવાના આશયથી આદરેલ તાલીમ કાર્યની પ્રવૃત્તિ અને સંવેદનોનું સ્મરણ વાચકને પણ નાનકડા રૂપકડાં કોડિયાના ઉજાસ ભણી દોરી જાય છે.

© RRIJM 2015, All Rights Reserved